જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૪/૦૮/૨૦૧૮ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૪૮૭/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૨૮૨ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ બિયરટીન અને ૦૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૪૮૮/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :-   સમાચાર યાદી નં.૧૪૮૯/૧૮

**ખાડીયા** : પ્રકાશજી પન્નાલાલ શ્રીમાળી (ઉ.વ.૪૯)(રહે,જાનકી ડુપ્લેક્ષ, આભા લેબોરેટરી સામે, વલ્લભવાડી, મણીનગર) એ તા.૩/૮/૧૮ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૮/૨૦૧૫ બપોરના ૪/૦૦ થી તા.૨૨/૦૮/૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મહેશભાઇ ઘોઘાભાઇ કાટોડીયા (રહે,પેરેડાઇઝ સોસાયટી, આઇ.ટી.આઇ.રોડ, કુબેરનગર)( કાટોડીયા ગોલ્ડ પ્રા.લિ., ગેલેક્ષી આર્કેડ, ગેલેક્ષી સિનેમા, નરોડાના ડાયરેક્ટર) નાએ પ્રકાશજીને વિશ્વાસમાં લઇ, તેમની માણેકચોક સોનીની ખડકી, મંગલદાસ બિલ્ડીંગ, માસ્ટર ચેન્સ  દુકાન નંબર-૫૮ ખાતે થી સોનાના દાગીના મેળવી તે પેટે ચુકવવાની થતી કુલ રકમ ૨૩,૧૦,૮૧૮/- નહીં ચુકવી, પ્રકાશજી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

## ચોરી :-   સમાચાર યાદી નં.૧૪૯૦/૧૮

**આનંદનગર** : અમીતભાઈ વિક્રમભાઈ શાહ (રહે,ગીરધરનગર સોસાયટી, શાહીબાગ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૮/૧૮ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે આંનદનગર ૧૦૦ ફૂટ રોડ કનક કલા ફ્લેટ-૧ પાસે કલક્ષ ગીફ્ટ શોપ નજીક પાર્ક કરેલ પોતાની કારનો પાછળનો દરવાજો ખોલી ત્રણ અજાણ્યા ઈસમો લેપટોપ બેગમા મુકેલ રોકડ રૂપીયા ૫૦,૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજોની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**કાલુપુર** : અલ્પેશ જયંતિલાલ પરમાર (રહે, વિર ગોગા શેરી, પ્રકાશ સીનેમા પાછળ પટણી શેરી) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી પચ્ચીસ દિવસ પહેલા પોતાના ખુલ્લા ઘરમાં તીજોરીમાં મુકેલ સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.સોલંકી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૪૯૧/૧૮**

**નારોલ** : મુકેશભાઇ હરિશંકરા શર્મા (રહે, રૂદ્રગ્રીન જુની નારોલ કોર્ટ ની પાસે નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૮/૧૮ ના કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે નારોલ આઇ.સી.યુ હોસ્પીટલ ની સામે અસલાલી નારોલ તરફ બ્રીજ ઉપર કોઇ અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી લાવી, મુકેશભાઇના ભાઇ રમાકાંત હરીશંકર શર્મા (ઉ.વ.૪૫) ની મોટર સાયકલને ટક્કર મારતા, રમાકાંતને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર દરમ્યાન રમાકાંતનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૪૯૨/૧૮**

**બાપુનગર** : ચેતાનાબેન વા/ઓ સંજયભાઇ પટેલ (રહે,અનુપમ કોલોની ડી-માર્ટની સામે બાપુનગર) એ પોતાને કોઇ સંતાન ન હોઇ, તા.૦૨/૦૮/૨૦૧૮ રાતના ૦૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.ગઢવી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.